- It may please be noted that the Ordinary and Special Business as set out in the Notice of AGM will also be transacted by electronic means through e-voting service provided by MUFG.
- Members are requested to refer Notes forming part of notice of AGM dtd. May 18, 2026, regarding process and manner of E-voting.
- The cut-off date for the determining the eligibility to vote by remote e-voting at the AGM is September 09, 2026.
- The remote e-voting shall **commence on Saturday, September 12, 2026 (from 9:00 a.m. IST) and shall end on Tuesday, September 15, 2026 (5:00 p.m. IST)**. During this period, members may cast their vote electronically. The e-voting module shall be disabled by MUFG thereafter. The voting rights of members shall be in proportion to the equity shares held by them as on **September 09, 2026 ("Cut-off date")**. Any person who is a member of the company on the Cut-off date is eligible to cast vote on all resolutions set forth in the Notice of AGM.
- The facility of voting through poll will be provided at the AGM. The Members attending the meeting and those who have not cast their vote earlier by e-voting shall be able to vote at the meeting.
- A member may participate in the AGM even after exercising his right to vote through remote e-voting but shall not be allowed to vote again in the meeting.
- A member who is entitled to attend and vote in the meeting is also entitled to appoint a proxy to attend and vote instead of himself and a proxy need not be a member. The instrument appointing proxy should, however, be deposited with Registered office of the Company not less than Forty Eight hours before the Commencement of the Meeting.
- Any person, who acquires shares of the Company and becomes member of the company after dispatch of the Notice of the AGM and holding shares as on the cut-off date i.e., September 09, 2026 may obtain login id and password by sending a request at enotices@in.mpms.mufg.com However if a person is already registered with MUFG for e-voting then existing user id and password can be used for casting vote.
- In case the shareholders have any queries or issues regarding e-voting, you may contact MUFG INSTAVOTE helpdesk by sending a request at enotices@in.mpms.mufg.com or contact on : - Tel: 022 - 4918 6000. Members may also write to the Company Secretary of the Company at secretarial@dacl.co.in or at the Registered Office of the Company.

**BOOK CLOSURE :**

- Notice is also hereby given pursuant to Section 91 of the Companies Act, 2013, the Register of Members & Share Transfer Books of the Company will remain **closed from September 10, 2026 to September 16, 2026 (both days inclusive)** for the purpose of 50th Annual General Meeting.
- The members are requested to communicate all their correspondence to the Registrars & Share Transfer Agent M/s MUFG Intime India Private Limited at "Geetakunj" 1, Bhaktinagar Society, Behind ABS Towers, Old Padra Road, Vadodara - 390015 with Contact person Mr. Alpesh Gandhi at Email : invester.helpdesk@in.mpms.mufg.com and Ph. No. 0265-3566768.

**By Order of the Board**
**For Diamines And Chemicals Limited**
**Hemaxi Pawar**
**Company Secretary**
**Membership No. A52581**

**Place : Vadodara**
**Date : August 13, 2026**

# સાવલી નગરમાં ધારાસભ્ય કેતન ઈનામદારની ઉપસ્થિતિમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં તાલુકાજનો ઉમટી પડ્યા હતા



● સાવલી, તા. ૧૩

આજરોજ સાવલી ખાતે ભારે વાજતે ગાજતે અને શાન થી ત્રિરંગા યાત્રા નીકળી હતી આ યાત્રામાં મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓ યાત્રામાં જોડાયા હતા ધારાસભ્ય કેતન ઈનામદાર ની આગેવાની માં નિકળેલ યાત્રા એ નગરમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું આ વેળા એ ડી જે ના તાલ પર ગુંજતા દેશભક્તિ ના ગીતો એ ભારે દેશભક્તિ અને દેશદાઝ ની લાગણી ઊભી કરી હતી અને સમગ્ર વાતાવરણ શોર્ય વીરતા અને દેશમય બની ગયું હતું આ વેળાએ મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને શાળાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા અને તિરંગા સાથે દેશભક્તિના નારા લગાવી યાત્રામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર યાત્રા માં ભારત માતા કી જય''ના નારા થી સાવલી નગર ગુંજી ઉઠ્યું હતું. દેશભક્તિના માહોલ વચ્ચે ભવ્ય તિરંગા યાત્રા સંપન્ન થઈ હતી. તસવીરમાં સાવલી ખાતે યોજાયેલ ત્રિરંગા યાત્રા ની તસવીરો નજરે પડે છે.

# કરજણ નગરપાલિકા વિસ્તારમાં ભવ્ય "ત્રિરંગા યાત્રા" યોજાઈ : ૨૦૦૦થી વધુ નગરજનો, બાળકો સહભાગી થયા



● વડોદરા, તા.૧૩

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના પુર્વે સમગ્ર રાજ્યમા ઉત્સાહપૂર્વક ભવ્ય ત્રિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે. ત્યારે આજરોજ વડોદરા જિલ્લાના કરજણ નગરપાલિકા વિસ્તારમાં દેશભક્તિની લહેર જોવા મળી હતી. આ યાત્રામાં અંદાજીત ૨૦૦૦થી વધુ નગરજનો, બાળકો સહભાગી થતા સમગ્ર કરજણ નગરપાલિકા વિસ્તાર દેશભક્તિના રંગે રંગાયું હતું.

આ ત્રિરંગા યાત્રાનો પ્રારંભ કરજણ નવા બજાર સ્થિત બોડાદરા ચાર રસ્તા પાસે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાથી થયો હતો. ત્યાંથી યાત્રા આગળ વધીને મહાત્મા ગાંધીજીની પ્રતિમાએ પહોંચી હતી, જ્યાં મહાનુભાવો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ યાત્રા મુખ્ય માર્ગો પરથી પસાર થઈને ભરત મુનિ હોલ ખાતે પહોંચી હતી, જ્યાં શિસ્તબદ્ધ રીતે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત સાથે યાત્રાની સફળ પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કરજણના ધારાસભ્યશ્રી અક્ષયભાઈ પટેલ, પ્રાંત અધિકારીશ્રી શિવમ બારિયા, કરજણ નગરપાલિકા પ્રમુખશ્રી ઈલાબા અટાલિયા, પોલીસકર્મીઓ તેમજ નગરપાલિકા અને તાલુકાના સ્થાનિક પદાધિકારીશ્રીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકાની તમામ કચેરીઓના અધિકારી-કર્મચારીશ્રીઓ, નગરજનો,કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ અને શાળાના બાળકો વિવિધ વેશભુષામા અને હાથમાં રાષ્ટ્રધ્વજ ત્રિરંગો લઈને દેશભક્તિના નારા સાથે આગળ વધતા અંદાજિત ૨૦૦૦થી પણ વધુ લોકો આ યાત્રામાં જોડાયા હતા. જેના કારણે સમગ્ર રૂટ પર દેશપ્રેમનો માહોલ સર્જાયો હતો.

## ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

# છોટાઉદેપુરઃ રાયસિંગપુરા ગામમાં આતંક મચાવનાર આદમખોર દીપડો આખરે પાંજરે પુરાયો

● છોટાઉદેપુર,તા.૧૩

છોટા ઉદેપુરના કવાંટ તાલુકાના રાયસિંગપુરા ગામે ૬૫ વર્ષીય રહીબહેન નાયક પર હુમલો કરનાર દીપડો આખરે પાંજરે પુરાયો છે. વન વિભાગે વૃદ્ધાના મૃત્યુ બાદ પાંજરું ગોઠવ્યું હતું. મોડી રાત્રે એક નર દીપડો પકડાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, આ જ દીપડાએ હુમલો કર્યો હતો કે કેમ તેની પુષ્ટિ તપાસ બાદ થશે.

રાયસિંગપુરા ગામમાં આતંક મચાવનાર આદમખોર દીપડો આખરે પાંજરે પુરાયો, ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના રાયસિંગપુરા ગામમાં ગત અઠવાડિયે બનેલી હૃદયદ્રાવક ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ફેલાયેલો ભયનો માહોલ આખરે થાળે પડ્યો છે. ૬૫ વર્ષીય રહીબહેન નાયક નામના વૃદ્ધા પર જીવલેણ હુમલો કરનાર આદમખોર દીપડાને પકડવા વન વિભાગ દ્વારા હાથ ધરાયેલા સઘન ઓપરેશનમાં મોટી સફળતા મળી છે. ગત મોડી રાત્રે આ દીપડો વન વિભાગના પાંજરામાં ફસાઈ ગયો હતો.મળતી માહિતી અનુસાર, રાયસિંગપુરા ગામમાં વૃદ્ધાના મોતની ઘટના બાદ સ્થાનિકોમાં ભારે દહેશત જોવા મળી રહી હતી. લોકો સાંજ પડતા જ ઘરની બહાર નીકળવાનું ટાળતા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વન વિભાગની ટીમે તાત્કાલિક વિસ્તારમાં પાંજરું ગોઠવી દીપડાની હલચલ પર સતત નજર રાખવાનું શરૂ કર્યું હતું. મોડી રાત્રે એક નર દીપડો પાંજરે પુરાતા વન વિભાગે તેને કબજે લીધો હતો.

દીપડો ઝડપાઈ જતાં રાયસિંગપુરા અને આસપાસના ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે અને વન વિભાગની કામગીરીને બિરદાવી છે. જોકે, ભવિષ્યમાં માનવ-વન્યજીવ સંઘર્ષની આવી દૂર્ઘટનાઓ ફરી ન ઘટે તે માટે વિસ્તારમાં સતત નાઈટ પેટ્રોલિંગ અને તકેદારીના પગલાં ભરવા સ્થાનિકો માંગ કરી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે,પકડાયેલો આ દીપડો જ વૃદ્ધાના મોત માટે જવાબદાર હતો કે નહીં, તેની સત્તાવાર પુષ્ટિ વન વિભાગની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.




પશ્ચિમ રેલવે
વડોદરા મંડળ

હાઈ માસ્ટની આસપાસ ફેન્સિંગ (વાડ) લગાવાની જોગવાઈ

ટેન્ડર આમંત્રિત કરવાની સૂચના EL/50/1/26 (26-27) તારીખ: 11/04/2026 મંડળ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, વડોદરા મંડળ, ભારતના રાષ્ટ્રપતિ વતી નીચે દર્શાવેલ કામો માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો પાસેથી ભારતીય રેલવેની વેબસાઇટ www.ireps.gov.in મારફતે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નંબર: BRC-EL-P-04-2538-26-27-R કામનું નામ: વડોદરા મંડળ: વડોદરા મંડળના વિવિધ સ્થળો/સ્ટેશનો પર હાઈ માસ્ટની આસપાસ ફેન્સિંગ (વાડ) લગાવાની જોગવાઈ. અંદાજિત કિંમત (રૂ.): 12,19,400.00 ઈએમડી (રૂ.): 24,400.00 ટેન્ડર ફી (રૂ.): શૂન્ય ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ: 02/09/2026 વેબસાઈટ: www.ireps.gov.in

BRC 201

અમને લાઇક કરો: facebook.com/WesternRly


## ગાંધીનગરમાં સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીની ૧૯૦મી બેઠક યોજાઇ

# એમ.એસ.એમ.ઈ; મહિલા ઉદ્યોગકરો તથા ગ્રામીણ કારીગરો અને નાના ખેડૂતો સહિત છેવાડાના લોકો સુધી સરળતાએ ધિરાણ પહોંચાડવા મુખ્યમંત્રીનું આહવાન

● અમદાવાદ, તા. ૧૩

ગાંધીનગરમાં યોજાયેલી સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી એસએલબીસીની ૧૯૦મી બેઠકની અધ્યક્ષતા કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેંકિંગ સેક્ટરને પોતાની સેવાઓથી ક્રેડિટ ટુ લાસ્ટ માઈલ સાકાર કરીને એમ. એસ.એમ.ઈ; મહિલા ઉદ્યોગકરો તથા ગ્રામીણ કારીગરો અને નાના ખેડૂતો સહિત છેવાડાના લોકો સુધી સરળતાએ ધિરાણ પહોંચાડવા આહવાન કર્યું હતું.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પહેલાં બેંક એટલે માત્ર ધિરાણ સહાય કે નાણાંકીય લેવડ-દેવડના વ્યવહારો માટે એવી સીમિત વ્યાખ્યા હતી. હવે, વડાપ્રધાનના વિકસિત ભારતના સંકલ્પને પાર પાડવાની દિશામાં બેંકો પણ સામાજિક સેવા ક્ષેત્રોમાં સેવાકીય વ્યાપ વધારીને સહભાગી બની છે તેને તેમણે સરાહના કરી હતી.

મુખ્યમંત્રીએ સરકારી યોજનાઓ હેઠળની અરજીઓનો ઝડપી નિકાલ કરવા અને લાભાર્થીઓનું મહત્તમ કવરેજ સુનિશ્ચિત કરવાની બેંકર્સને તાકીદ કરતાં કહ્યું કે, દ્ધઝઝનો લાભ મેળવવાથી બાકી રહેલા ખેડૂતોને ત્વરાએ આવરી લઈને સેચ્યુરેશન એપ્રોચ સિદ્ધ થઈ શકશે. રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-૨૦૨૬માં સ્ટાર્ટઅપ્સ, મહિલા ઉદ્યોગ સાહસિકો, એસ.સી./એસ. ટી. ઉદ્યોગ સાહસિકો અને દિવ્યાંગજન તથા ફર્સ્ટ જનરેશનના ઉદ્યોગ સાહસિકોને સહાય પ્રોત્સાહન જાહેર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ તેનો વિશેષ ઉલ્લેખ કરતા બેંકર્સને ટેકનોલોજીનો ઉપયોગ કરીને આવા ઉદ્યોગ સાહસિકોને સમયસર ક્રેડિટ લોન વગેરેમાં સહાયક બનવા અનુરોધ પણ કર્યો હતો. મુખ્ય સચિવ એમ. કે. દાસે ગુજરાતના ડેવલપમેન્ટ ગ્રોથમાં સરકાર અને બેંકર્સના સુમેળ ભર્યા સંબંધોને મહત્વના ગણાવ્યા હતા. રાજ્યના આર્થિક વૃદ્ધિ દર-ઈકોનોમીમાં જે ઉત્તરોત્તર વધારો થયો છે તેમાં પણ બેંકર્સના યોગદાનને તેમણે બિરદાવ્યું હતું.

તેમણે સાયબર ફ્રોડ અને મ્યુલ એકાઉન્ટ સામે બેંકર્સને વધુ સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. એટલું જ નહીં, નાના ગામડાઓમાં પણ બેંકિંગ સેવાઓ સરળતાથી પહોંચાડવા બેંકની વધુ શાખાઓ ખોલવા મુખ્ય સચિવએ સૂચન કર્યું હતું.

## રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિના રંગે રંગાયું ડભાસા ગામ, ગ્રામજનોમાં જોવા મળ્યો ઉત્સાહ અને ઉમંગ

# ડભાસા ગામે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રા



● વડોદરા, તા.૧૩

પાદરા તાલુકાના ડભાસા ગામે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તિરંગા યાત્રામાં ગ્રામજનો, યુવાનો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર જોડાઈને રાષ્ટ્રધ્વજ પ્રત્યેનું ગૌરવ અને દેશભક્તિની ભાવના વ્યક્ત કરી હતી.

તિરંગા યાત્રા દરમિયાન સમગ્ર ગામ રાષ્ટ્રભક્તિના નાદ અને તિરંગાના રંગોથી રંગાઈ ગયું હતું. હાથમાં તિરંગો ધારણ કરી ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સર્વાંગી વિકાસ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

'હર ઘર તિરંગા' અભિયાનના માધ્યમથી નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના વધુ પ્રબળ બને અને દરેક ઘરમાં દેશભક્તિનો સંદેશ પહોંચે તેવો ઉદ્દેશ્ય સાકાર થયો હતો. ડભાસા ગામની તિરંગા યાત્રાએ ગ્રામજનોમાં રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી.

આ તિરંગા યાત્રામાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી જયોત્સનાબેન રબારી,ધારાસભ્ય શ્રી ચૈતન્યસિંહ ઝાલા, અગ્રણી શ્રી રસિકભાઈ પ્રજાપતિ, શ્રી બ્રિજેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, નાયબ કલેક્ટર શ્રી પ્રતીકભાઈ ભૂરિયા, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી છાયાંક ચૌધરી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


DEPARTMENT OF PHYSICAL EDUCATION
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
TENDER NOTICE

Sealed tenders are invited for the **purchase of Sports Items** from reputed suppliers/dealers.

**Tender Period:** 14.08.2026 to 22.08.2026 up to **3:00 PM**

**Submission:** Courier Only.

**Sports Items:** Kabaddi, Kho Kho & Wrestling Mat Shoes, Wrestling Costume, Cycling & Yoga Dress, Mallakhamb Costume, Kachchu, Knee Caps, Padded Knee Caps, Swimming Costume/Cap/Goggles, Hockey Skirts, Football Studs, Stockings and Yonex AS-2 Feather Shuttlecock.

**Note:** Please quote the **rate per unit** with complete standard product specifications.

For specifications/details: **+91-9601540866**

**Address:** Department of Physical Education, Union Pavilion Ground, Near Rosary School, Fatehgunj, Vadodara – 390002.

(INF-VAD-599 - 26-27)


## સાવલી તાલુકાના ભીમનાથ મહાદેવ ખાતે શ્રાવણના પ્રથમ દિવસે

# ભાવિક ભક્તો નું ભારે ઘોડાપુર ઉમટી પડ્યું હતું અને તાલુકાના તમામ શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી

● સાવલી, તા. ૧૩

સાવલી તાલુકામાં પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે સાવલી નગર સહિત આસપાસના વિસ્તારોમાં આવેલા શિવ મંદિરોમાં ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ ભક્તો ભગવાન ભોળાનાથના દર્શન કરવા માટે શિવાલયોમાં ઉમટી પડ્યા હતા.

સાવલીના પ્રસિદ્ધ ભીમનાથ મહાદેવ મંદિર સહિત શહેરના વિવિધ શિવ મંદિરોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. ભક્તોએ ભગવાન શિવને જળાભિષેક, દૂધાભિષેક તેમજ બીલીપત્ર, ફૂલ અને પ્રસાદ અર્પણ કરી પૂજા-અર્ચના કરી હતી.

શ્રાવણ માસના પ્રથમ દિવસને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મંદિરોમાં સવારથી જ 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

મહિલાઓ, યુવાનો તેમજ વડીલો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન શિવના દર્શન માટે પહોંચ્યા હતા. અનેક ભક્તોએ શ્રાવણ માસ દરમિયાન ઉપવાસ અને ધાર્મિક અનુષ્ઠાન કરવાનો સંકલ્પ પણ લીધો હતો.

શિવાલયોમાં ભક્તોની ભીડને પગલે મંદિર પરિસરમાં પણ ચહલપહલ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ શાંતિપૂર્ણ માહોલમાં ભગવાન ભોળાનાથના દર્શન કરી પરિવાર અને સમાજની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.શ્રાવણના પ્રથમ દિવસે સાવલી શહેર જાણે શિવમય બની ગયું હતું અને સમગ્ર વિસ્તારમાં ભક્તિ તથા ધાર્મિક ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આમ સમગ્ર તાલુકો શિવજી મય બની ગયો હતો

## મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઇ રાખડી સહિત કલાકૃતિઓ ખરીદી મહિલાઓને પ્રોત્સાહિત કર્યા

# સ્નેહની રાખી - સ્વાવલંબનની દોરી : રાખી મેળો : નિઝામપુરા ખાતે રાખી મેળાનું ઉદઘાટન કરતા રાજ્યકક્ષાના મંત્રી ડો. મનીષાબેન વકીલ



● વડોદરા, તા.૧૩

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ દ્વારા મહિલા કારીગરોને આત્મનિર્ભરતા અને રોજગારી માટે પ્રોત્સાહન આપવાના હેતુથી વડોદરાના નિઝામપુરા હોલ ખાતે ×રાખી મેળો× નું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે આજરોજ મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યકક્ષાના મંત્રી ડૉ.મનીષાબેન વકીલના વરદ હસ્તે તથા મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણભાઈ શુક્લની પ્રેરક ઉપસ્થિતીમાં આ રાખી મેળાનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી ડૉ. મનીષાબેન વકીલ સહિત મહાનુભાવોએ રાખડી સહિત કલાકૃતિઓ ખરીદી મહિલાઓને પ્રેરિત કર્યા હતા. આ મેળામાં વડોદરા જિલ્લાના વિવિધ મહિલા કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલી અનોખી હસ્તકલાની કૃતિઓ, કલાત્મક રાખડીઓ, વેસ્ટમાંથી બેસ્ટ, રોજિંદા ઉપયોગની ચીજવસ્તુઓ, ઘર સુશોભનની કલાકૃતિઓના ૪૦ થી વધારે સ્ટોલ્સ પ્રદર્શન અને વેચાણ અર્થે આગામી તા.૨૨ ઓગસ્ટ ૨૦૨૬ સુધી સવારે ૧૧:૦૦ કલાક થી રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આટલુ જ નહિ નાગરિકોના મનોરંજન માટે દરરોજ રાત્રે કઠપુતલી અને મેજીક શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વડોદરા ક્ષેત્રના સ્થાનિક મહાનુભાવો, નગરવાસીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.


Diamines Quality driven

# ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ

CIN NO: L24110GJ1976PLC002905

રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧૩, પીસીસી એરિયા, પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, વડોદરા - ૩૯૧૩૫૦.
ફોન : ૦૨૬૫-૩૫૩૪૨૦૦ ઈ-મેલ : secretarial@dacl.co.in વેબસાઈટ : www.dacl.co.in

**૫૦મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના, ઈ-મતદાન માહિતી અને બુક ક્લોઝર**

આથી સૂચના આપવામાં આવે છે કે ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ ('કંપની') ની ૫૦મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) પ્લોટ નં. ૧૩, પીસીસી એરિયા, પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, વડોદરા - ૩૯૧૩૫૦ ખાતે **બુધવાર, સપ્ટેમ્બર ૧૬, ૨૦૨૬, સવારે ૧૦:૩૦ વાગ્યે,** મે ૧૮, ૨૦૨૬ ના રોજ એજીએમની નોટિસ ('નોટિસ') માં નક્કી કરાયેલા સામાન્ય અને ખાસ વ્યવસાયોને પાર કરવા માટે કંપનીની રજિસ્ટર્ડ ઑફિસમાં રાખવામાં આવેલ છે.

પ્રોક્સી ફોર્મ સાથેની નોટિસ, એટેન્ડન્સ સ્લિપ, ઈ-મતદાન સંચાર અને વાર્ષિક અહેવાલ ઑડિટેડ નાણાંકીય નિવેદનો (એકલા અને એકીકૃત) સાથે મળીને સભ્યોને કે જેમણે કંપની / ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ સાથે તેમના ઇ-મેલ સરનામાં નોંધાવ્યા છે તેમને ઈલેક્ટ્રોનિકલી રીતે તા. ઓગષ્ટ ૧૩, ૨૦૨૬ ના રોજ મોકલવામાં આવ્યા છે.

સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન અને ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (સેબી લીસ્ટીંગ રેગ્યુલેશન્સ) ના પાલનમાં, વેબ-લીંક ધરાવતો પત્ર કે જેમાં ચોકકસ પાથ નો સમાવેશ થાય છે, જ્યાં વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ ની સંપૂર્ણ વિગતો સાથે એજીએમની સૂચના પણ ઉપલબ્ધ છે, તે તા. ઓગષ્ટ ૧૩, ૨૦૨૬ ના રોજ એવા શેરધારકોને મોકલવામાં આવ્યો છે જેમણે તેમના ઈ-મેઈલ સરનામાં (ઓ) કંપનીમાં અથવા કોઈપણ ડિપોઝીટરી અથવા કંપનીના રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA) એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ પાસે નોંધાવેલા નથી.

ઉપરોક્ત નોટિસ, અન્ય દસ્તાવેજો કંપનીની વેબસાઇટ www.dacl.co.in પર ઉપલબ્ધ છે અને એમયુએફજી ઇનટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (અગાઉની લીંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ)(MUFG) ની વેબસાઇટ https://instavote.linkintime.co.in પર પણ ઉપલબ્ધ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની ૫૦મી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ મોકલવાની કામગીરી ઓગષ્ટ ૧૩, ૨૦૨૬ ના રોજ પૂર્ણ થઈ છે.

કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ મુજબ, કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ અને સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ, ૨૦૧૫ની નિયમન ૪૪ સાથે વાંચી, કંપની તેના સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી એમયુએફજી ઇનટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (MUFG) દ્વારા ઈ-મતદાન સેવાઓ દ્વારા ૫૦મી એજીએમની નોટિસમાં સેટ કરવામાં આવેલા તમામ રિઝોલ્યુશન પર મતદાન કરવા માટે રીમોટ ઈ-મતદાન સુવિધા પ્રદાન કરે છે. સપ્ટેમ્બર ૦૯, ૨૦૨૬ ના કટ-ઑફ તારીખના આધારે શેર ભૌતિક સ્વરૂપે અથવા ડિમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં ધરાવતા હોય તો, ૫૦મી એજીએમની નોટિસમાં રજૂ કરેલા તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક રીતે મત આપી શકે છે.

**તમામ સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે :**

**રીમોટ ઈ-મતદાન**

- એજીએમની નોટિસમાં નક્કી કરાયેલા સામાન્ય અને ખાસ વ્યવસાયને MUFG દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈ-મતદાન સેવા (ઈલેક્ટ્રોનિક માધ્યમો) મારફતે પણ વ્યવહાર કરવામાં આવશે.
- સભ્યોને ઈ-મતદાનની પ્રક્રિયા અને રીત વિશે તારીખ મે ૧૮, ૨૦૨૬ ની એજીએમ નોટિસના ભાગ રૂપે નોટ્સનો સંદર્ભ લેવા વિનંતી કરવામાં આવે છે.
- એજીએમમાં રીમોટ ઈ-મતદાન દ્વારા મતદાનની યોગ્યતા નક્કી કરવા માટેની **કટ-ઑફ તારીખ સપ્ટેમ્બર ૦૯, ૨૦૨૬** છે.
- રીમોટ ઈ-મતદાન **શનિવાર, સપ્ટેમ્બર ૧૨, ૨૦૨૬ (ભારતીય સમય મુજબ સવારે ૯:૦૦ વાગ્યાથી) શરૂ થશે અને મંગળવાર, સપ્ટેમ્બર ૧૫, ૨૦૨૬ (ભારતીય સમય મુજબ સાંજે ૫:૦૦વાગ્યે) સમાપ્ત થશે.** આ સમયગાળા દરમિયાન, સભ્યો તેમના મત ઈલેક્ટ્રોનિક રીતે આપી શકે છે. ઈ-મતદાન મોડ્યુલ પછીથી MUFG દ્વારા નિષ્ક્રિય કરવામાં આવશે. સભ્યોના મતદાન અધિકારો **સપ્ટેમ્બર ૦૯, ૨૦૨૬ ('કટ-ઑફ તારીખ')** મુજબના ઈક્વિટી શેરના પ્રમાણમાં હશે. કોઈપણ વ્યક્તિ જે કટ-ઑફ તારીખ પર કંપનીનો સભ્ય છે તે એજીએમની નોટિસમાં રજૂ કરેલા તમામ ઠરાવો પર મત આપવા માટે પાત્ર છે.
- મતદાન દ્વારા મતદાનની સુવિધા એજીએમમાં પૂરી પાડવામાં આવશે. મીટિંગમાં હાજરી આપનારા સભ્યો અને જેઓએ મતદાન પહેલાં ઇ-મતદાન કર્યું ના હોય, તેઓ બેઠકમાં મતદાન કરી શકશે.
- રીમોટ ઈ-મતદાન દ્વારા મત આપવાનો અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ સભ્ય એજીએમમાં ભાગ લઈ શકે છે પરંતુ મીટિંગમાં ફરીથી મત આપવા માટે મંજૂરી આપવામાં આવશે નહીં.
- મીટિંગમાં હાજરી આપવા અને મત આપવા માટેના ઉમેદવાર પોતે, હાજરી આપવા અને મત આપવા માટે પ્રોક્સી નિયુક્ત કરવા માટે અધિકૃત છે અને પ્રોક્સીને સભ્ય બનવાની જરૂર નથી. પ્રોક્સીની નિયુક્તિ કરનાર ફોર્મ, મીટિંગ શરૂ થતાના અડતાલીસ કલાક પહેલા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસમાં જમા કરાવવાનું રહેશે.
- કોઈપણ વ્યક્તિ, જે એજીએમની નોટિસ મોકલ્યા બાદ કંપનીના શેર મેળવે છે અને કટ-ઑફ તારીખ સપ્ટેમ્બર ૦૯, ૨૦૨૬ ના રોજ સભ્ય હશે તેઓ enotices@in.mpms.mufg.com પર વિનંતી મોકલીને લૉગ-ઇન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કોઈ વ્યક્તિ ઈ-મતદાન માટે MUFG સાથે પહેલાથી જ નોંધાયેલ હોય તો મત આપવા માટે હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.
- શેરહોલ્ડરોને ઈ-મતદાન અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યા હોય તો તેઓ, enotices@in.mpms.mufg.com પર વિનંતી મોકલીને એમયુએફજી ઈન્ટાવોટ 'સહાય વિભાગ'નો સંદર્ભ લઈ શકે છે અથવા ફોન નંબર ૦૨૨ - ૪૯૧૮૬૦૦૦ પર સંપર્ક કરી શકે છે. મેમ્બર્સ કંપનીના કંપની સેક્રેટરીને secretarial@dacl.co.in અથવા કંપનીની રજિસ્ટર્ડ ઑફિસ પર પણ લખી શકે છે.

**બુક ક્લોઝર :**

- કંપની એક્ટ, ૨૦૧૩ ના સેક્શન ૯૧ અનુસાર, નોટિસ પણ આપવામાં આવે છે, કંપનીના રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ **સપ્ટેમ્બર ૧૦, ૨૦૨૬ થી સપ્ટેમ્બર ૧૬, ૨૦૨૬ (બંને દિવસ સહિત)**, ૫૦મી વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે બંધ રહેશે.
- સભ્યોને તેમના તમામ પત્રવ્યવહારને રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ - એમયુએફજી ઇનટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, "ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર્સની પાછળ, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫, શ્રી અલ્પેશ ગાંધી, ઈ-મેલ invester.helpdesk@in.mpms.mufg.com અને ફોન નંબર ૦૨૬૫ - ૩૫૬૬૭૬૮ ઉપર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

બોર્ડના હુકમથી,
ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ વતી,
હેમાક્ષી પવાર
કંપની સેક્રેટરી
મેમ્બરશીપ નં. A૫૨૫૮૧

સ્થળ : વડોદરા
તારીખ : ઓગષ્ટ ૧૩, ૨૦૨૬


## દેશભક્તિના રંગે રંગાયું ડભોઇ નગર, એનસીસી કેડેટ્સ અને શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

# ડભોઇમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



● વડોદરા, તા.૧૩

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ડભોઈ ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યે ગૌરવ અને દેશભક્તિની ભાવનાને ઉજાગર કરતી આ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો, એનસીસીના કેડેટ્સ તથા વિવિધ શાળાના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર યાત્રા દરમિયાન ડભોઈ શહેર દેશભક્તિના માહોલથી ગુંજી ઉઠ્યું હતું.તિરંગા યાત્રાનો પ્રારંભ ડભોઈ એપીએમસી ખાતેથી કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રધ્વજ સાથે નીકળેલી આ યાત્રા વડોદરી ભાગોળ અને ટાવર ચોક સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ઐતિહાસિક ગઢ ભવાની મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રાના સમગ્ર માર્ગ દરમિયાન રાષ્ટ્રપ્રેમ અને એકતાનો સંદેશ પ્રસર્યો હતો.તિરંગા યાત્રા દરમિયાન માર્ગમાં આવેલી રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાન આપનાર મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાઓને વંદન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોને શ્રદ્ધાપૂર્વક નમન કરી તેમના રાષ્ટ્રપ્રેમ, સમર્પણ અને સામાજિક એકતાના વિચારોને સ્મરણ કરવામાં આવ્યા હતા.આ ભવ્ય તિરંગા યાત્રામાં એનસીસીના કેડેટ્સ તેમજ વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લઈને રાષ્ટ્રધ્વજ પ્રત્યેનું ગૌરવ વ્યક્ત કર્યું હતું. 'હર ઘર તિરંગા' અભિયાનના માધ્યમથી રાષ્ટ્રભાવના, એકતા અને દેશપ્રેમની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ વેળાએ ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી જ્યોત્સનાબેન રબારી, જિલ્લા પ્રમુખ શ્રી ડો. બી. જે. બ્રહ્મભટ્ટ, પ્રાંત અધિકારી શ્રી રવિરાજસિંહ પરમાર ઉપરાંત તાલુકા તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગર તેમજ તાલુકાના નાગરિકો જોડાયા હતા.

# વડોદરાની યુવા એથ્લીટ માનસી શેલારને ગાંધીનગર ખાતે એથ્લેટિક્સમાં 'આઉટસ્ટેન્ડિંગ સ્પોર્ટ્સ પર્સન ઓફ ધ યર' માટે સરદાર પટેલ જુનિયર એવોર્ડ મેળવ્યો

## વડોદરાની એથ્લીટ ઉત્કૃષ્ટ રમતગમત પ્રદર્શન માટે સન્માનિત

● વડોદરા, તા.૧૩

વડોદરાની યુવા એથ્લેટિક્સ પ્રતિભા માનસી શ્રીકાંત શેલારને તેમની ઉત્કૃષ્ટ રમતગમત સિદ્ધિઓ બદલ એથ્લેટિક્સ (૨૦૧૮-૧૯) માં 'આઉટસ્ટેન્ડિંગ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર' માટે પ્રતિષ્ઠિત સરદાર પટેલ જુનિયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગાંધીનગર ખાતે શક્તિદૂત ૨.૦ યોજનાના શુભારંભ પ્રસંગે માનસીનું સન્માન કરવામાં આવ્યું હતું.આ સમારોહમાં ૭૯૯ રમતવીરોને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ અને જયદીપસિંહજી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. માનસીને છેલ્લા એક દાયકામાં તેના પ્રભાવશાળી પ્રદર્શન માટે આ પુરસ્કાર મળ્યો છે. તે એક ટૂંકા અંતરની સ્પ્રિન્ટર (દોડવીર) છે અને ૧૦૦ તથા ૨૦૦ મીટરમાં સ્પર્ધા કરે છે.

માનસી શેલારએ આ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'આ મારા માટે ગૌરવની ક્ષણ હતી અને તેણે મને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ અને આગામી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાના મારા સપનાને પૂરું કરવાની પ્રેરણા આપી છે. આ પુરસ્કાર ઉભરતી પ્રતિભાઓને પણ રમતોમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે છે. વધુમાં, શક્તિદૂત ૨.૦ યોજનાથી રમતવીરોને ફાયદો થશે, તેઓ પ્રેરિત થશે અને તેમને પોતાની રમત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળશે.'

માનસીએ નેશનલ, સ્ટેટ અને ડિસ્ટ્રિક્ટ લેવલની સ્પર્ધાઓમાં ૫૩ મેડલ જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે. જેમાં ખેલો ઈન્ડિયા, યુનિવર્સિટી નેશનલ્સ અને ખેલ મહાકુંભ સ્પર્ધાઓમાં સહભાગિતા શામેલ છે. તેના મેડલની સંખ્યામાં ૪ નેશનલ, ૨૫ સ્ટેટ અને ૨૪ ડિસ્ટ્રિક્ટ લેવલના મેડલ શામેલ છે. ઉપરાંત તેના શ્રેષ્ઠ પ્રદર્શન માટે તેને 'બેસ્ટ એથ્લેટિક્સ ટ્રોફી' પણ મળી છે.તેઓએ આંતરરાષ્ટ્રીય ખેલાડી ડી.કે. માલવિયા હેઠળ તાલીમ લીધી, જેને એમને આ સફર દરમિયાન ટેકો આપ્યો અને સાથે સાથે પ્રખ્યાત રમત પ્રશાસક લક્ષ્મણ કરંજગાંવકરનો પણ સહકાર મળ્યો. હાલમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ઉચ્ચ અભ્યાસ કરતી માનસી એથ્લેટિક્સ પ્રત્યેના તેના ઝૂનૂન સાથે અભ્યાસનું સંતુલન જાળવી રહી છે. તેના સતત ઉત્કૃષ્ટ પ્રદર્શને તેને ગુજરાતના આશાસ્પદ યુવા રમતવીરોમાં સ્થાન અપાવ્યું છે અને વડોદરાનું નામ વધુ રોશન કર્યું છે.


# ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ

Corporate Identity Number (CIN): L24231GJ1992PLC018237

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસઃ સર્વેનંબર ૧૪૪-એ, જરોદ-સમલાયા રોડ, વિલ. હરીપુરા, તા. સાવલી, વડોદરા-૩૯૧૫૨૦, ગુજરાત, ભારત. સંપર્ક નંબરઃ +૯૧ ૯૯૦૯૯૮૨૩૩૨ ઈમેલઃ cs@bplindia.in વેબસાઈટઃ www.bplindia.in

**નોટીસ**

**ફીઝીકલ (ભૌતિક) શેરધારકોને સૂચના - ભૌતિક શેરના ટ્રાન્સફર ડીડ્સના ફક્ત પુનઃ નોંધણી માટે ખાસ વિન્ડો**

સેબીના પરિપત્ર ક્રમાંક HO/38/13/11(2)2026MIRSDPOD/I/3750/2026 તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ અનુસાર, સેબીએ ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીના એક વર્ષના સમયગાળા માટે એક ખાસ વિન્ડો ખોલવાનો નિર્ણય લીધો છે જેથી ફક્ત ભૌતિક શેરધારકો દ્વારા ટ્રાન્સફર ડીડ ફરીથી દાખલ કરી શકાય જે ૦૧એપ્રિલ, ૨૦૧૯ની અંતિમ તારીખ પહેલાં દાખલ કરવામાં આવ્યા હતા અને દસ્તાવેજોમાં ખામીઓન કારણે નકારવામાં આવ્યા હતા/પાછું મોકલવામાં આવ્યા હતા. ૦૧ એપ્રિલ, ૨૦૧૯ની અંતિમ તારીખ પછી ફાઈલ કરવામા આવેલા અને કંપની દ્વારા નકારવામાં આવેલા કોઈપણ ટ્રાન્સફર ડીડ કંપની દ્વારા સ્વીકારવામાં આવશે નહીં.

તદનુસાર, સેબીના પરિપત્રના પાલનમાં, ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડના પાત્ર ભૌતિક શેરધારકોને ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ અથવા તે પહેલા શેરના ટ્રાન્સફર માટે શેર ટ્રાન્સફર ડીડ ફરીથી લોજ કરવા માટે સૂચના આપવામાં આવે છે અને ટ્રાન્સફર માટે ફરીથી લોજ કરાયેલ શેર સેબી દ્વારા નિર્ધારિત યોગ્ય પ્રક્રિયાને અનુસરીને જ ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં પ્રક્રિયા કરવામાં આવશે.

યોગ્ય શેર ધારકો જરૂરી દસ્તાવેજો સાથે તેમની ટ્રાન્સફર વિનંતીઓ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (R&TA) ને એડ્રોઈટ કોર્પોરેટ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ, ૧૮-૨૦, જાફરભોય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પહેલોમાળ, મકવાણા રોડ, મરોલ નાકા, અંધેરી પૂર્વ, મુંબઈ, મહારાષ્ટ્ર- ૪૦૦૦૫૯ પર અથવા info@adroitcorporate.com પર ઈ-મેલ મોકલી શકે છે.

સ્થળઃ વડોદરા
તારીખ : ઓગસ્ટ ૧૪, ૨૦૨૬

ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ વતી
સહી/-શર્મિન સોની
કંપની સેક્રેટરી
ICSI M No.ACS-75694